નં.પીઓએલ/૨/વશી/ ૪૭૩૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
આણંદ. તા. ૮ /૦૮/૨૦૧૯

388001 08.08.2019
827F 00290996
भारत INDIA POSTAGE ₹5.00
P686096

પ્રતિ,
પ્રમુખશ્રી, વાસણભાઈ જી.આહીર,
રાજયકક્ષાના મંત્રીશ્રી સામાજિક અને
શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ ગુજરાત રાજય,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર,
શાહીબાગ, અમદાવાદ

**વિષય :** શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ આપવા બાબત.

જયભારત સહ ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આપના તા.૦૩/૦૧/૨૦૧૯ ના પત્રની નકલ અત્રે મળેલ છે. સદરહું આપની રજુઆત પરત્વે આણંદ શહેરમાં ભારે માલવાહક વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ અંગે અત્રેથી નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૯/૧૬, તા.૧૫/૦૬/૨૦૧૬થી બહાર પાડવામાં આવેલ જાહેરનામાની નકલ આ સાથે સામેલ રાખેલ છે. સદર જાહેરનામુ કાયમી ધોરણે બહાર પાડવામાં આવેલ છે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. જે જાણમાં લેવા વિનંતી છે.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

AGTTA
DT. 16/8/2019
File No. : 20

## આણંદ શહેરમાં ભારે માલવાહક વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ અંગેનો ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩ (૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/ર/જાહેરનામા/એસ.આર./ ૪૯ /૧૬
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
આણંદ. તા૨૪/૦૬/૨૦૧૬

આણંદ ટાઉન તથા વિદ્યાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દિવસે દિવસે વધતા ટ્રાફીકને નિયંત્રિત કરવા તથા સવાર / સાંજના સમયે ઓફીસે / ધંધાના સ્થળેથી આવન જાવન કરતા નાના વાહનોની સંખ્યા વધતી જતી હોવાથી સવારના કલાક ૯.૦૦ થી કલાક ૧૨.૦૦ તથા સાંજના કલાક ૧૬.૦૦ થી કલાક ૨૦.૦૦ સુધી તમામ પ્રકારના ભારે માલવાહક વાહનો આણંદ શહેર તથા વિદ્યાનગર વિસ્તારમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા અંગેનું જાહેરનામું કાયમી ધોરણે અમલવારીમાં રહે તે રીતે પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ પત્ર નં.એલઆઈબી / જાહેરનામું / ૪૫૪ / ૨૦૧૩૬, તા.૨૮/૦૩/૨૦૧૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. દરખાસ્ત અન્વયે જાહેરનામાનો પ્રાથમિક મુસદ્દો તા.૨૧/૪/૧૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ અને દિન.૩૦ માં જરૂરી વાંધા રજુ કરવા અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ. તદઅનુસાર સરદાર ગંજ આણંદ સ્થિત અનાજના વેપારીઓ તથા એસોશિએશન તથા ઓટો વ્હીકલ કન્ઝ્યુમર, પેટ્રોલ પંપના વાંધા મળેલ. જેમને રૂબરૂ સાંભળવામાં આવેલ. તેમની રજુઆત મુખત્વે પ્રતિબંધને કારણે કામકાજના કલાકોમાં ઘટ, પેસેન્જર વાહનોનું આડેધડ પાર્કીગ વિ. જણાયેલ છે. વાંધાની રજુઆત ગ્રાહય રાખવાપાત્ર જણાતી નથી.

વાસ્તે, હું ડૉ. ધવલ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ સમય દરમ્યાન તમામ પ્રકારના ભારે માલવાહક વાહનોને નીચે જણાવેલ માર્ગો ઉપરથી આણંદ શહેરમાં પ્રવેશ કરવા ઉપર કાયમી પ્રતિબંધ ફરમાવવા માટે હુકમ કરું છું.

(૧) બોરસદ ચોકડી થી લોટેશ્વર મહાદેવ, સરદાર ગંજ તેમજ ટાઉન હોલ ગ્રીડ તરફથી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો બંધ કરાવવા.

(૨) ગણેશ ચોકડી થી અમુલ ડેરી રોડ, સરદાર ગંજ તથા સ્ટેશન રોડ તરફ શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો બંધ કરાવવા.

(૩) સામરખા ચોકડી થી ભાલેજ ઓવરબ્રીજ, મહેન્દ્ર શાહ રોડ, સી.પી.સર્કલ પાયોનિયર હાઈસ્કુલથી લક્ષ્મી ચોકડી, ગોપાલ ચાર રસ્તા થઈ સરદારગંજમાં તથા લક્ષ્મી ચાર રસ્તા થઈ આણંદ રેલ્વે સ્ટેશન જુના દાદર તરફ થઈ ગણેશ ચોકડી સુધી શહેરમાં પ્રવેશતા ભારે માલવાહક વાહનો બંધ કરાવવા.

(૪) ગામડીવડ થી લક્ષ્મી ચાર રસ્તા થઈ જુના બસ સ્ટેન્ડથી ગોદી સુધી શહેરમાં પ્રવેશતા ભારે માલવા હક વાહનો બંધ કરાવવા.

(૫) "વડતાલ બાકરોલ ગેટ (બાકરોલ ટી પોઈન્ટ) થી ભાઈકાકા સ્ટેચ્યુ, ટાઉન હોલ તરફ અને જનતા ચોકડી તરફ અને જનતા ચોકડી થી બાકરોલ રોડ સુધી ભારે માલવાહક વાહનો બંધ કરાવવા.

**સમય :** સમય સવારના ૦૯.૦૦ થી બપોરના ૧૨.૦૦ કલાક દરમ્યાન તથા સાંજના ૧૬.૦૦ થી ૨૦.૦૦ રાત્રિના કલાક દરમ્યાન

**અપવાદ** :— સરકારી વાહનો, પ્રવાસી બસો, એમ્બ્યુલન્સ વાન તથા ફાયરબ્રીગેડના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમથી જે રસ્તાઓ બંધ કરવામાં આવેલા છે. તે સ્થળોએ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક નિયમન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમની જાહેરાત ઉકત સ્થળોએ નકલો ચોંટાડીને કરવાની રહેશે તથા સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરના વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ–૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૪/૦૬/૨૦૧૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

13/6/16

(ડૉ. ધવલ પટેલ)
જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

પ્રતિ,
મેનેજરશ્રી,
સરકારી પ્રેસ,વડોદરા.

ર/– સદરહુ મુસદ્દો સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરીને તેની ૧૦ (દસ) નકલો મોકલવા વિનંતી છે.

**નકલ જયભારત સહ રવાના :**

(૧) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,આણંદ તરફ
(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, આણંદ, પેટલાદ, બોરસદ, ખંભાત તરફ
(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) આણંદ
(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) આણંદ
(૫) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આણંદ
(૬) નિયામકશ્રી, એસ.ટી. વિભાગ, નડીયાદ
(૭) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, આણંદ, પેટલાદ, ખંભાત તરફ
(૮) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, આણંદ (ટાઉન), આણંદ (રૂરલ), બોરસદ (રૂરલ), બોરસદ (ટાઉન), પેટલાદ (ટાઉન), પેટલાદ (રૂરલ), ખંભાત (ટાઉન), ખંભાત (રૂરલ), એસ.ઓ.જી.આણંદ
(૯) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, ખંભોળજ, ઉમરેઠ, આંકલાવ, વાસદ, ભાદરણ, વિદ્યાનગર, વિરસદ, મહેળાવ, સોજીત્રા, તારાપુર
(૧૦) જિલ્લા સરકારી વકીલશ્રી, આણંદ તરફ
(૧૧) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તમામ તરફ
(૧૨) ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, તમામ તરફ
(૧૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, તમામ
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, તમામ
(૧૫) નાયબ માહિતી નિયામકશ્રી, આણંદ તરફ

ર/– આઈટેમ ઓફ ન્યુઝ તરીકે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂં.